Reference (I.T.) No.61/2015

# શ્રી કે.કે.પંડયા, ઔદ્યોગિક ન્યાયપંચ, ગુજરાત રાજકોટ સમક્ષ

## રેફરન્સ (આઈ.ટી.) નંબર : ૬૧/૨૦૧૫
## (જુનો નંબર : રેફરન્સ (આઈ.ટી.) ૭૦/૨૦૧૨)

**વિભાગીય નિયામકશ્રી,**
**એસ.ટી.**
**વાણીયાવાડ, એસ.ટી.**
**ભુજ.** ..... **પ્રથમ પક્ષકાર.**

**વિરૂઘ્ઘ**

**શ્રી રાજેશ બી.જાડેજા**
**જનરલ સેક્રેટરીશ્રી,**
**એસ.ટી.કર્મચારી મંડળ,**
**૧૭, સત્યમ સોસાયટી એસ.ટી.સ્ટાફ કવાર્ટરની સામે,**
**પડદાભીટ હનુમાન રોડ,**
**ભુજ (કચ્છ)** ..... **બીજા પક્ષકાર.**

**પ્રતિનિધિત્વ :– પ્રથમ પક્ષકાર તરફે :– વિદવાન વકીલશ્રી વી.ડી.મહેતા.**
**બીજા પક્ષકાર તરફે :– વિદવાન વકીલશ્રી એસ.ડી.રાઠોડ**

**બાબત :– <u>ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૧૦(૧) અન્વયે</u>**

**: આંક–૨૬ ના પ્રાથમિક મુદ્દા અન્વયે હુકમ :**

(૧) ઉપરોકત પક્ષકાર વચ્ચે ઉપસ્થિત થયેલ વિવાદ ન્યાય નિર્ણય માટે આઈ.ડી.એકટ, ૧૯૪૭ ની કલમ–૧૦(૧) અન્વયે નાયબ શ્રમ આયુકતશ્રીની કચેરી, રાજકોટ તરફથી તેમના તા.૨૯–માર્ચ–૨૦૧૨ ના હુકમ ક્રમાંકઃ કે.એચ./એચ.એસ.એમ.સી./૯૧૭૦/ઔ.વિ.–રે/૧૪૩/૧૨ થી ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને સુપરત કરવામાં આવેલ હતો જેની અનુસુચિ નીચે મુજબ છે.

Reference (I.T.) No.61/2015

**–:: અનુસુચિ ::–**

**વિભાગીય નિયામકશ્રી ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના ભુજ વિભાગના ભુજ ડેપો ખાતેના કન્ડકટર શ્રી સુનીલ રાઘવજી મકવાણા, બે.નં.૧૩૩૧ ને (૧) તેમની નોકરીમાં દાખલ તારીખ ૧૯/૨/૨૦૦૧ થી ૧૮૦ દિવસ પછીથી એટલે કે તા.૧૯–૮–૨૦૦૧ થી સેટલમેન્ટના નિયમો મુજબ કન્ડકટર તરીકેની નોકરીના ટાઈમ સ્કેલ પર લેવા કે કેમ? તેમજ કામદારને થયેલ આર્થિક નુકશાનનુ એરીયર્સ તમામ આનુસંગીક લાભો સહીત ૧૮ % ચડત વ્યાજ સાથે ભરપાઈ કરી આપવુ કે કેમ? (૨) તા.૨૬–૪–૨૦૦૩ થી કામદારની ગેરકાયદેસર રીતે છટણી કરવાનો હુકમ રદ કરવો કે કેમ? તેમજ કામદારને થયેલ આર્થિક નુકશાનનુ એરીયર્સ તમામ આનુસંગીક લાભો સહીત ૧૮ % ચડત વ્યાજ સાથે ભરપાઈ કરી આપવુ કે કેમ? (૩) તા.૨૬/૩/૨૦૦૩ થી છટણી કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવી તે રદ કરી છટણીની તારીખ ૨૬/૪/૨૦૦૩ થી ફરીથી નોકરી પર લીધા તારીખ ૧/૧૧/૨૦૦૬ સુધીની નોકરી સળંગ કરી આપવી કે કેમ તેમજ કામદારને પડેલા રોજના પુરેપુરા પગારની રકમનુ એરીયર્સ તમામ આનુસંગીક લાભો સહીત ૧૮ % ચડત વ્યાજ સાથે ભરપાઈ કરી આપવુ કે કેમ? (૪) તા.૨૬/૩/૨૦૦૩ થી તા.૨૬/૪/૨૦૦૩ ના રોજ ફરીથી નોકરી પર લીધા તારીખ ૧/૧૧/૨૦૦૬ સુધીની નોકરીના પડેલા રોજના પુરેપુરા પગાર સાથે પગાર વધારાના તેમજ નોકરી પરત્વેની તમામ રકમનુ એરીયર્સ તમામ આનુસંગીક લાભો સહીત ૧૮ % ચડત વ્યાજ સાથે ભરપાઈ કરી આપવુ કે કેમ? (૫) ખર્ચના રૂ.૫૦૦૦/– ચુકવવા કે કેમ?**

અત્રે એ બાબતની નોંધ લેવી ઘટે ઉપરોકત વિવાદ સૌ પ્રથમ ન્યાય નિર્ણય અર્થે ઔદ્યોગિક ન્યાયપંચ રાજકોટ ખાતે મોકલવામાં આવેલ હતો તથા જેનો નંબર રેફરન્સ (આઈ.ટી.) ૭૦/૨૦૧૨ પડેલ હતો ત્યારબાદ સદરહુ તકરાર જામનગર ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચમાં તબદીલ થયેલ હતી અને જેનો નંબર રેફરન્સ (આઈ.ટી.) ૪૧૦/૨૦૧૨ પડેલ હતો અને ત્યારબાદ ઔદ્યોગિક અદાલત, અમદાવાદના તારીખ ૬–૧–૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંકઃઅદત/૧/આઈડીએ/૨૦૧૫/૧૮૧ અન્વયે રાજકોટ ઔદ્યોગિક ન્યાયપંચમાં તબદીલ કરવામાં આવેલ હતો અને જેનો નંબર રેફરન્સ (આઈ.ટી.) ૬૧/૨૦૧૫ પડેલ હતો.

(૨) આ કામમાં બીજા પક્ષકાર તરફે આંક–૩ થી માગણાનુ નિવેદન રજુ કરેલ છે. તેની ટુંકમાં વિગત એવી છે કે, બીજા પક્ષકાર સંબંધિત કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થાના

ભુજ વિભાગના ભુજ ડેપો મધ્યે કન્ડકટર બેજ નંબર ૧૩૩૧ એકધારી અને સળંગ નોકરી કાયમી ધોરણે કરી રહયા છે. સંબંધિત કામદાર પ્રથમ પક્ષકારને ત્યાં તા.૧૯–૨–૨૦૦૧ ના રોજથી બદલી કામદાર કન્ડકટર બેજ નં.૧૩૩૧ તરીકે ફરજ બજાવતા હતા. સંબંધિત કામદારે નિયમાનુસાર કન્ડકટરની જગ્યા માટે ફોર્મ ભરી જરૂરી આધારો રજુ કરતા ઈન્ટરવ્યુ માટે લેખિત પત્રથી બોલાવવામાં આવેલ હતા ત્યારબાદ ઈન્ટરવ્યુ લઈ પ્રથમ પક્ષકારની પસંદગી સમિતીએ પસંદગી કરી પ્રથમ પક્ષકારે મેડીકલ ફીટનેશ કરાવવાની સુચના આપતા સંબંધિત કામદારે મેડીકલ ફીટનેશ રજુ કરતા કન્ડકટરની ટ્રેનીગમાં હાજર રહેવાની સુચના આપી કન્ડકટર તરીકેની ટ્રેનીગ આપ્યાબાદ ભરતીની તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર સંબંધિત કામદારને તા.૧૯–૨–૨૦૦૧ ના રોજથી બદલી કામદાર તરીકે નિમણુંક આપેલી ત્યારબાદ રોજમદાર તરીકે લીધેલા અને લાંબા સમયબાદ પ્રથમ પક્ષકાર સંસ્થાચએ તેમની સંસ્થાના સેટલમેન્ટની જોગવાઈઓ વિરૂધ્ધ જઈ સંબંધિત કામદારને વિભાગીય મહેકમી હુકમ ક્રમાંક : ૫૬/૨૦૧૦ તા.૪–૧–૨૦૧૦ ના રોજથી ટાઈમ સ્કેલમાં લીધેલ હતા. સંબંધિત કામદારે નોકરીમાં દાખલ થવાની તારીખ ૧૯–૮–૨૦૦૧ ના રોજથી સળંગ ૧૮૦ દિવસ પુરા કરી લીધેલા છે. સંબંધિત કામદારને તા.૧૯–૮–૨૦૦૧ ના રોજથી ટાઈમ સ્કેલમાં લેવાના બદલે એકાએક તા.૨૬–૪–૨૦૦૩ ના રોજથી ગેરકાયદેસર છટણી કરવામાં આવેલ. છટણી કરતા સમયે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કોઈ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતરની કોઈજ રકમ ચુકવેલી ના હતી કે ઓફર પણ કરેલ ન હતી કે સક્ષમ ઓથોરીટી પાસેથી કોઈ એપ્રુવલ પણ મેળવેલ ના હતી. સંબંધિત કામદારને છુટા કરેલા ત્યારે સંબંધિત કામદાર સાથે કામ કરતા અને સંબંધિત કામદારથી પાછળ નોકરીમાં દાખલ થયેલા અન્ય જુનિયર કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ ઉપર ચાલુ હતા એટલું જ નહી પરંતુ હાલમા તેવા તમામ કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી ધોરણે નોકરી કરી રહયા છે. આમ કરી પ્રથમ પક્ષકારે આઈ.ડી.એકટની કલમ ૨૫–એફ, જી. એચ. નો છળેચોક ભંગ કરેલો છે તેમજ લાસ્ટ કમ ફર્સ્ટ ગો ના સિધ્ધાંતોનો પણ ભંગ કરેલો છે. સંબંધિત કામદારને છુટા કરી તુરત જ નવી ભરતી કરેલી અને નવી ભરતીમાં પણ સંબંધિત કામદારને ફેર નિમણુંકની તક આપેલી ના હતી. છુટા કરતી વખતે કોઈ સિનીયોરીટી લીસ્ટ બનાવેલુ ના હતુ કે સંબંધિત કામદારને બતાવેલુ ના હતુ કે નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ પણ કરેલ ના હતુ. સંબંધિત કામદારની નોકરી અંગેના તમામ આધારો પ્રથમ પક્ષકાર સંસ્થાના કબ્જામાં છે. આ રીતે ગેરકાયદેસર છટણી કરતા પહેલા આ કામના પ્રથમ પક્ષકારે સંબંધિત કામદારને આઈ.ડી.એકટની કલમ–૯ એ હેઠળ કોઈ નોટીસ આપેલી ના હતી. સંબંધિત કામદારે નોકરીના દરેકે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા પણ વધારે સમય સુધી કામગીરી કરેલી છે. કન્ડકટરની જગ્યાએ કાયમી પ્રકારની કામગીરી માટેની કાયમી અને ખાલી જગ્યા હતી પરંતુ પ્રથમ

પક્ષકારે મનસ્વીરીતે સંબંધિત કામદારને લાંબો સમય સુધી પ્રથમ પક્ષકાર સંસ્થાના સેટલમેન્ટના નિયમો વિરૂઘ્ધ અને પ્રસ્થાપિત કાયદાઓની જોગવાઈઓ વિરૂઘ્ધ બદલી કામદાર તરીકે રાખેલા હતા આમ કરી પ્રથમ પક્ષકારે અનફેર લેબર પ્રેકટીસ આચરેલી હતી તેમ રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, બીજા અન્ય સામાન્ય કેસમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર સંબંધિત કામદાર વિરૂઘ્ધ સંસ્થાના નિયમાનુસાર ૨૦૦૧–૨૦૦૨ ના વર્ષમાં ખાતાકીય તપાસ કરેલી છે અને છટણી કરતા પહેલા સંબંધિત કામદાર વિરૂઘ્ધ કોઈ ખાતાકીય તપાસ કરેલી નથી કે સંબંધિત કામદારને કોઈ સાંભળવાની કે બચાવ કરવાની તકકો આપેલ નથી. પ્રથમ પક્ષકારે મહેકમી હુકમ ક્રમાંક ૫૬/૨૦૧૦, તારીખ ૪–૧–૨૦૧૦ ના રોજથી સેટલમેન્ટની જોગવાઈ વિરૂઘ્ધ સંબંધિત કામદારને મોડા ટાઈમ સ્કેલમાં લેવાના કારણે કામદારને મળવાપાત્ર દર માસના પગારના કુલ–૯ ઈન્ક્રીમેન્ટ ઓછા મળેલ છે તેથી કામદારને પગારમાં આશરે રૂ.૪,૦૦૦/– ની નુકશાની ગયેલી છે જે નુકશાની નિવૃત્તી સુધી ચાલુ રહેવાની છે અને તેઓને મળવાપાત્ર નિવૃત્તીના લાભોમાં પણ નુકશાન થશે. મોડા સ્કેલમાં લેવાના કારણે સંબંધિત કામદારને દર માસે પગાર, મોંઘવારી, ઓવરટાઈમ, ઘરભાડુ, એલ.ટી.સી., ગ્રેજયુઈટી, પ્રો.ફંડ, પેન્શન, પાંચમા પગાર પંચ અને છઠ્ઠા પગાર પંચ તેમજ સિનીયોરીટીમાં નુકશાની ગયેલ છે. પ્રથમ પક્ષકાર નિગમના સેટલમેન્ટની કલમ ૨૦ હેઠળ આવી રીતે નિમણુંક પામેલા હંગામી રોજમદાર કર્મચારીઓ સતત ૧૮૦ દિવસની નોકરી અઠવાડીક રજાઓ અને અન્ય પેઈડ હોલીડે સહીત કરી હશે તો તેમને ટાઈમ સ્કેલ પર લેવાની જોગવાઈ હોવા છતાં સંબંધિત કામદારને કન્ડકટર તરીકેની નિમણુંક તા.૧૯–૨–૨૦૦૧ થી ૧૮૦ દિવસ પછીથી એટલે ૧૯–૮–૨૦૦૧ થી ટાઈમ સ્કેલ પર લીધા નથી. પ્રથમ પક્ષકારે સંબંધિત કામદારને સમયસર કાયમી કરવા ના પડે અને નિગમને વધારે પગાર ચુકવવો ના પડે તેવા બદઈરાદાથી સમાધાનની જોગવાઈનો છળેચોક ઉલ્લંઘન કરેલ છે અને તેમ કરી અનફેર લેબર પ્રેકટીસ આચરેલ છે. આથી સંબંધિત કામદાર નોકરી પરત્વેના મળવાપાત્ર અન્ય તમામ આનુસંગિક લાભોની નુકશાનીની રકમનુ એરીયર્સ ૧૮ % ચડત વ્યાજ સાથે ચુકવી આપવા માગણી કરેલ છે. આ તમામ સંજોગો ઘ્યાનમાં રાખી બીજા પક્ષકાર સંબંધિત કામદારે દાદ માગેલ છે કે, તેઓને નોકરીમાં દાખલ થયા તારીખ ૧૯–૨–૨૦૦૧ થી ૧૮૦ દિવસ પછી એટલે કે ૧૯–૮–૨૦૦૧ ના રોજથી સેટલમેન્ટના નિયમ મુજબ કન્ડકટર તરીકેની નોકરીમાં ટાઈમ સ્કેલમાં લઈ અને મોડા ટાઈમ સ્કેલમાં લેવાના કારણે કામદારને નોકરી પરત્વેના મળવાપાત્ર અન્ય તમામ લાભોમાં થયેલ નુકશાનીની રકમનુ એરીયર્સ ૧૮ % વ્યાજ સાથે પ્રથમ પક્ષકાર ચુકવી આપે તેવા પ્રકારની દાદ માગેલ છે તેમજ તા.૨૬–૪–૨૦૦૩ ના રોજથી કામદારને ગેરકાયદેસર રીતે છટણી કરવાનો કરેલ હુકમ રદ કરવા અને તેના કારણે થયેલ તમામ આર્થિક નુકશાનની રકમ તફાવત સહીત ૧૮ % વ્યાજ સહીત

પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને ચુકવી આપે તેવા મતલબની દાદ માગેલ છે. તેમજ સંબંધિત કામદારને તા.૨૬–૪–૨૦૦૩ ના રોજથી છટણી કરવાનુ કરેલ કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવી રદ કરવા તેમજ છટણીની તા.૨૬–૪–૨૦૦૩ ના રોજથી ફરી નોકરીમાં લીધા તા.૧–૧૧–૨૦૦૬ સુધીની નોકરી સળંગ ગણી તમામ આનુસંગિક લાભો સાથે પડેલા દિવસના પુરેપુરો પગાર સહીત ૧૮ % ચડત વ્યાજ સહીત પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને ચુકવી આપે તેવા મતલબની દાદ માગેલ છે અને રેફરન્સ ખર્ચ પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને ચુકવી આપે તેવા મતલબની દાદ માગેલ છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકાર દવારા આંક–૧૨ થી જવાબ તથા આંક–૨૧ થી પુરક જવાબ રજુ કરેલ છે જેમાં માગણાના નિવેદનની હકીકતોનો ઈન્કાર કરી એવી તકરાર લીધેલ છે કે, બીજા પક્ષકારની અરજીની માગણી ખરી કરે કાયદેસરની કે શુધ્ધબુધ્ધીપૂર્વકની નથી. અરજદારને હાલની રેફરન્સ અરજીના માગણીના નિવેદનમાં દર્શાવ્યા મુજબની કોઈ જ માગણી કરવા કાયદેસર કારણ કે જરૂરિયાત ઉપસ્થિત થયેલ નથી તેથી અરજદારની રેફરન્સ અરજી રદ થવાને પાત્ર છે. અરજદારની હાલની રેફરન્સ અરજીમાં જણાવેલ માગણી કાયદા મુજબ મેઈનટેનેબલ કે ટેનેબલ નથી તેથી અરજદારની અરજી સમગ્ર રીતે રદ થવાને પાત્ર છે. પ્રથમ પક્ષકાર કોર્પોરેશનની કામગીરી મુસાફરોને વ્યાજબીદરે તેમના જવાના સ્થળે પહોંચાડવાની છે અને તે માટે તેઓ તેની ટિકીટ પણ વ્યાજબી દરે વસુલે છે આ કામગીરી બજાવવા માટે કોર્પોરેશન પોતાનુ સેટઅપ કરેલ છે. જરૂરિયાતના અનુસંધાને ડ્રાયવર, કન્ડકટર, પાણીવાળા, હમાલ વિગેરેને પાર્ટટાઈમ રાખવામાં આવે છે. સેટઅપ માટે જાહેરાત, એમ્પ્લોયમેન્ટ એકસચેન્જ મારફત, પસંદ કર્યા બાદ બદલી કામદાર તરીકે જરૂરિયાતના અનુસંધાને રાખવામાં આવે છે. તહેવારો, અકસ્માત, અછત, પુર વગેરેની કામગીરી ઉભી થાય ત્યારે એસ.ટી.બસ મુકવામાં આવે છે. તેના માટે કોઈ સેટઅપ હોતુ નથી. તે કામગીરી માટે પસંદગી સમિતી મારફતે પસંદગી પામેલ રોજમદાર/બદલી કામદારને ડ્રાયવર/કન્ડકટરની નોકરી ફાળવવામાં આવે છે. જરૂરિયાત પુરી થતા આપોઆપ નોકરીનો અંત આવે છે. ચોમાસામાં બસો આઈડલ કરી ડેપોમાં પડી રહે તેથી રોજમદાર કામદારોને છુટા કરવામાં આવે છે. એસ.ટી. તરફથી ફીકસ સેટઅપ નકકી કરવામાં આવે છે તેમાં કાયમી થયેલા કર્મચારીઓ ફરજ બજાવે છે. કાયમી ડ્રાયવર કન્ડકટર નિવૃત થાય કે નોકરીનો અંત આવે કે અન્ય જરૂરિયાત ઉભી થાય ત્યારે પસંદગી પામે બદલી કામદાર/રોજમદાર કામદારોને રાખવામાં આવે છે. તેઓની બજાવેલી ફરજો કામગીરી વગેરે ધ્યાનમાં લઈ કાયમી સેટઅપની ખાલી પડતી જગ્યામાં સિનીયોરીટીના ધોરણે ધ્યાને લઈ કાયમી કરવામાં આવે છે. અરજદાર બદલી કામદાર છે તેમને સિનીયોરીટી, કામગીરી વગેરે તપાસી ખાલી પડેલી જગ્યામાં

સમાવેશ કરવામાં આવેલ છે અને તેઓ કાયમી થઈ ગયેલ છે તેથી રેફરન્સ ગેરકાયદેસર છે. સંબંધિત કામદારને બદલી કામદાર તરીકે રાખવામાં આવેલ હતા. તેઓને સંસ્થાએ નિયત કરેલ નોકરીના નિયમ તથા શરતો કબુલ મંજુર હોવાથી તેઓને નિમણુંક આપેલ છે તેથી તેઓ કાયમીનો હકક કે દાવો કરી શકે નહીં. મંજુર થયેલ મહેકમથી વધુ ડ્રાયવર કે કન્ડકટરને કાયમી કરી શકાય નહીં. મંજુર થયેલ મહેકમની સંખ્યામાં નિવૃતી, બઢતી, બદલી કે બરતરફના કારણે ખાલી જગ્યા પડે તો સિનીયોરીટી મુજબ ક્રમમાં આવતા કર્મચારીઓને કાયમી કરવામાં આવે છે અને તે મુજબ કામદારોને કાયમી કરેલ છે. અલગથી મંજુર કરવામાં આવેલ જગ્યાને કાયમી મંજુરી ગણવામાં આવતી નથી તેને લીવ રીઝર્વ કહેવામાં આવે છે. બદલી કામદારને કાયમી કર્મચારીઓ રજા પર જાય ત્યારે મંજુર થયેલી લીવ રીઝર્વની જગ્યા પ્રમાણે નોકરી આપવામાં આવે છે. કાયમી મંજુરીમાં ઘટાડો થયેથી લીવ રીઝર્વમાં ઘટાડો કરવામાં આવે છે. આવો ઘટાડો થવાથી બદલી કામદારને સિનીયોરીટી મુજબ હંગામી ધોરણે છુટા કરવામાં આવે છે. ભરતી થયેલ ડ્રાયવર કન્ડકટર બદલી કામદાર તરીકે કામ કરતા હોય છે તેની વિભાગીય કક્ષાએ સિનીયોરીટી લીસ્ટ બનાવવામાં આવે છે. બદલી કામદારને સિનીયોરીટી લીસ્ટ બદલી કામદારમાંથી રોજમદાર તરીકે લેવામાં આવે છે. રોજમદાર તરીકે આવ્યાબાદ સેટલમેન્ટની કલમ ૨૦ મુજબ ૧૮૦ દિવસની નોકરી પૂર્ણ થયેથી ટાઈમ સ્કેલમાં લેવામાં આવે છે તે પછીના દિવસે તેના આગામી ઈન્ક્રીમેન્ટ તારીખ ગણવામાં આવે છે અને વર્ષ પૂર્ણ થયે તેઓને ઈન્ક્રીમેન્ટ આપવામાં આવે છે. ડ્રાયવર કે કન્ડકટર કોર્પોરેશનમાં ભરતી થાય તેના ૧૮૦ દિવસ નોકરીમાં પૂર્ણ થાય એટલે કાયમી કર્મચારી તરીકે હકકદાર બની જતો નથી. બદલી કામદારમાંથી સિનીયોરીટી મુજબ રોજમદાર તરીકે અને રોજમદારમાંથી ૧૮૦ દિવસની નોકરી પૂર્ણ થયે કાયમી કરવામાં આવે છે. સંબંધિત કામદારને રોજમદાર તરીકે લીધા બાદ ૧૮૦ પૂર્ણ થતા ટાઈમ સ્કેલ પર લેવામાં આવેલ છે જેની વિગતો જવાબના પેરા–૧૬ માં જણાવેલ છે તે મુજબ સંબંધિત કામદાર પ્રથમ બદલી કામદાર તરીકે દાખલ થયેલ ત્યારબાદ તા.૧–૭–૨૦૦૯ થી રોજમદાર તરીકે ફરજ બજાવવાનુ શરૂ કરેલ. કામદારે રોજમદાર તરીકે ૧૮૦ દિવસની નોકરી પૂર્ણ કરતા કામદારને તારીખ ૪–૧–૨૦૧૦ ના રોજ ટાઈમ સ્કેલમાં નિયમ મુજબ મુકવામાં આવેલ છે તેથી કામદારને ટાઈમ સ્કેલમાં મોડા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેથી હાલનો રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં પ્રથમ પક્ષકારે આંક–૨૧ થી પુરક જવાબ રજુ કરેલ છે તેમાં પણ જણાવેલ છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા સ પે. સી. એ. નંબર ૧૧૭૧૪/૨૦૧૪ તથા તેની સાથે અન્ય સ્પે.સી.એ.માં તા.૧ ૮–૯–૨૦૧૪ ના રોજ અને ત્યારબાદ એલ.પી.એ.નંબર ૧૧૮૫/૨૦૧૪ તથા તેની સાથેની અન્ય એલ.પી.એ.માં તારીખ ૧૧–૧૧–૨૦૧૪ ના રોજ નિગમની તરફેણમાં ચુકાદો આપેલ છે અને અને ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલનો હુકમ રદ કરેલ

છે. સદરહુ ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું તારણ આપેલ છે કે આવા હુકમો કરવાથી નિગમની મંજુર થયેલ જગ્યાઓ કરતા વધારે નવી જગ્યાઓ ખોલવાનો હુકમ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ કરી રહી છે તેવુ અર્થઘટન થાય છે અને સંબંધિત કર્મચારીનો એસ.ટી.નિગમની નિતી નિયમાનુસાર જયારે ક્રમ આવતો હોય ત્યારે જ તેમને ટાઈમ સ્કેલ ઉપર લઈ શકાય તેવો હુકમ કરેલ છે. આ હુકમ સામે યુનિયને એલ.પી.એ.નંબર ૧૫૪૪/૨૦૦૫ દાખલ કરેલ જે પણ રદ કરેલ છે, એટલું જ નહીં પરંતુ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ રાજકોટ દવારા આ જ પ્રકારના અસંખ્ય કેસોમાં ચુકાદા આપવામાં આવેલ છે તે ચુકાદાઓ સામે નિગમે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ છે જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે વચગાળાનો મનાઈ હુકમ ફરમાવેલ છે. સદરહુ ચુકાદામાં જણાવ્યા મુજબ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલને આવા પ્રકારના કેસો ચલાવવા કે નિર્ણય કરવા કોઈ હકક અધિકાર નથી. જે ચુકાદાઓ જોતા બીજા પક્ષકારના રેફરન્સને ડીલે, લેચીઝ અને એસ્ટોપલનો બાધ નડે છે જેથી રેફરન્સ ટકવાપાત્ર નથી. જે તમામ હકીકતે હાલનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૬ થી બીજા પક્ષકારનો રેફરન્સ મુદૃત બહારનો હોય તેમજ તાજેતરમાં નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદા મુજબ તથા અગાઉના નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદા મુજબ કેસ ટકવાપાત્ર ન હોય તે સંબંધે પ્રથમ પ્રાથમિક મુદૃા તરીકે સાંભળવા અરજી આપેલ છે. તેની ટુંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકાર સંબંધિત કામદારે દાખલ તારીખથી ૧૮૦ દિવસ પછી ટાઈમ સ્કેલમાં લેવા માગણી કરેલ છે. પરંતુ કામદારને નોકરીમાં દાખલ તારીખ તથા સંસ્થાએ તેમને ટાઈમ સ્કેલમાં લીધેલ છે તે અંગેની તારીખને ધ્યાને લેતાં કામદારે સને ૨૦૦૧ માં બદલી કામદાર તરીકે દાખલ થયા પછી ૧૮૦ દિવસ પુરા થયા પછી ટાઈમ સ્કેલ મેળવવા માટે રેફરન્સ કરવો જોઈએ તેના બદલે સંબંધિત કામદારે ૨૯–માર્ચ–૨૦૧૨ ના રોજ એટલે ૧૧ વર્ષ પછી આ પ્રકારનો રેફરન્સ દાખલ કરેલ છે. સંબંધિત કામદારે ટાઈમ સ્કેલ લેવા જે માગણી કરેલ છે તે ગુણદોષ પર ટકવાપાત્ર નથી તેમજ કામદારે કરેલા કેસ સમય મર્યાદામાં નથી તેવા અસંખ્ય પ્રકારના ચુકાદાઓ આપેલ છે જે અલગ લીસ્ટથી રજુ કરેલ છે તે ધ્યાને લેવા અરજ કરેલ છે. સંબંધિત કામદારે જે માગણી રજુ કરેલ છે તે માગણી સંબંધે તાજેતરમાં તા.૭–૩–૨૦૧૮ ના રોજ નીચે જણાવેલ નામદાર સુપ્રિમકોર્ટના જજમેન્ટ મુજબ કામદારોની માગણી ટકવાપાત્ર નથી તેવુ ઠરાવ્યુ છે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના તમામ ચુકાદાઓને કન્ફોર્મ રાખેલ છે તેથી કામદારનો કેસ ટકવાપાત્ર નથી. સીવીલ અપીલ નંબર ૨૫૪૬/૨૦૧૮, સીવીલ અપીલ નંબર ૨૫૯૪–૨૫૯૮/૨૦૧૮, સીવીલ અપીલ નંબર ૨૫૫૬–૨૫૯૨/૨૦૧૮, સીવીલ અપીલ નંબર ૨૫૪૭–૨૫૫૫/૨૦૧૮ નામદાર સુપ્રિમકોર્ટે તા.૭–૩–૨૦૧૮ ના ભુપેન્દ્રકુમાર

ચીમનલાલ કાછીયા પટેલ વિરૂઘ્ધ ડીવીઝનલ કન્ટ્રોલર જી.એસ.આર.ટી. નડીયાદે ચુકાદો આપેલ છે જે અરજી સાથે રજુ કરેલ છે જે ઘ્યાને લેવા અરજ કરેલ છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટ તેમજ નામદાર સુપ્રિમકોર્ટે આવા પ્રકારના કેસો બાબતે હુકમ કરેલ છે તે ઘ્યાનમાં લેતાં આ કેસ ગુણદોષ ઉપર કોઈપણ રીતે ચાલવાપાત્ર નથી. તેમ છતાં જો ગુણદોષ પર ચલાવવામાં આવે તો નામદાર કોર્ટનો સમય વ્યતીત થાય તેમ છે. એટલું જ નહીં આ કેસનો નિર્ણય કરવા માટે નામદાર કોર્ટે કારણ વગરની કસરત કરવાની રહે છે તેથી પ્રથમ પક્ષકારનુ નમ્ર પણે માનવુ છે કે હાલનો આ કેસ પ્રથમ પક્ષકારના આ પ્રકારના પ્રાથમિક મુદ્દા તરીકે કેસમાં ગુણદોષ પર જતા પહેલા પ્રથમ પ્રાથમિક મુદ્દા તરીકે સાંભળી ડીસાઈડ કરવો જરૂરી છે. બીજા પક્ષકારનો આ કેસ ગુણદોષ પર ટકવાપાત્ર નથી તેમજ તેમની માગણી પણ મુદ્દત બહારની હોય નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ આ મુદ્દાને પ્રાથમિક મુદ્દા તરીકે સાંભળી પ્રથમ ડીસાઈડ કરવા અરજ કરેલ છે.

(૫) બીજા પક્ષકાર તરફે આંક–૨૬ ની પ્રાથમિક મુદ્દાની અરજીનો જવાબ આંક–૨૮ થી આપેલ છે તેની ટુંકમાં વિગત એવી છે કે, પ્રથમ પક્ષકારની પ્રાથમિક મુદ્દાની અરજી કાયદેસર ચાલવાપાત્ર નથી. પ્રથમ પક્ષકારની પ્રાથમિક મુદ્દાની અરજી મુજબ કામદારોએ રેફરન્સ ઘણા વર્ષો પછી દાખલ કરેલ છે તેવો પ્રથમ પક્ષકારે વાંધો લીધેલ છે પરંતુ પ્રથમ પક્ષકારે તેના લેખિત જવાબમાં તેવી કોઈ તકરાર લીધેલ નથી તેથી પાછળથી લીધેલ તકરાર ચાલી શકે નહી. તા.૭–૩–૨૦૧૮ ના રોજ નામદાર સુપ્રિમકોર્ટે સીવીલ અપીલ નંબર ૨૫૪૬/૨૦૧૮ માં જે જજમેન્ટ આપેલુ છે તેમાં ડીલે અંગે કોઈ સ્પષ્ટતા નામદાર સુપ્રિમકોર્ટ દવારા કરવામાં આવેલ નથી. કેટલા સમય પછી કેસ દાખલ થયેલ હોય તેને ડીલે કહેવાય તેવી કોઈ સ્પષ્ટતા નામદાર સુપ્રિમકોર્ટે તેના જજમેન્ટમાં કરેલી નથી. નામદાર સુપ્રિમકોર્ટે જજમેન્ટ દરેક કેસમાં લાગુ પડશે તેવી પણ કોઈ સ્પષ્ટતા કરેલ નથી. સીવીલ અપીલ નંબર ૨૫૪૬/૨૦૧૮ વાળુ જજમેન્ટ તા.૭–૩–૨૦૧૮ પહેલાના કોઈ કેસમાં લાગુ થઈ શકે નહી. અરજદારના કેસની હકીકત અને રજુઆત અલગ પ્રકારની છે જે તે પક્ષકારે કે તેમના પ્રતિનીધીએ કે તેમના વકીલશ્રીએ યોગ્ય અને વિગતવાર રજુઆતો ના કરી હોય કે પુરતા દસ્તાવેજો રજુ કરેલ ના હોય કે યોગ્ય સાક્ષી પુરાવા તપાસેલ ના હોય તેવા સંજોગોમાં તેનો ગેરલાભ ઉઠાવી પ્રથમ પક્ષકાર અપ્રમાણિક ફાયદો ઉઠાવવાનો કોઈ હકક કે અધિકાર નથી. પ્રથમ પક્ષકાર વીથ કલીન હેન્ડઝ નામદાર ન્યાયપંચ સમક્ષ આવેલ નથી. રેફરન્સ દાખલ કરવામાં કેટલો વિલંબ થયેલ છે તે પુરવાર કરવાની જવાબદારી પણ પ્રથમ પક્ષકારની છે. આવી હકીકત દસ્તાવેજી આધારો સાથે પ્રથમ પક્ષકારે પુરવાર કરેલ નથી. કેસના અંતિમ ફાયનલ ઓર્ડર સાથે પ્રાથમિક મુદ્દાનો નિર્ણય કરવામા આવે તો બંને પક્ષકારોને પુરતો ન્યાય

મળી શકે. મહત્વની બાબત એ છે કે, પ્રથમ પક્ષકારે તેના લેખિત જવાબમાં પ્રાથમિક મુદ્દામાં દર્શાવ્યા મુજબની કોઈ તકરાર લીધેલ નથી. આઈ. ડી. એકટની કલમ–૧૦(૧) માં સમય મર્યાદાનો કોઈ ઉલ્લેખ નથી. એટ એનીટાઈમ શબ્દ લખેલો છે એટલે કે ગમે ત્યારે કેસ દાખલ થાય નામદાર ન્યાયપંચે અનુસુચિમાં દર્શાવ્યા મુજબના મુદ્દાનો ગુણદોષ ઉપર કેસ ચલાવી નિકાલ કરવો જોઈએ. પ્રથમ પક્ષકાર કન્સીલીએશન કાર્યવાહી થઈ ગયા બાદ કેસ રેફરન્સ થાય ત્યારે કેસ વિલંબથી દાખલ થયેલ છે તેવી તકરાર લઈ શકયા હોત. કન્સીલીએશન ઓફીસર સમક્ષ પણ પ્રથમ પક્ષકારે વિલંબથી કેસ દાખલ થયેલ છે તેવી કોઈ તકરાર લીધેલ નથી. ફેઈલ્યોર રીપોર્ટ કે રેફરન્સના હુકમ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જઈ શકયા હોત પરંતુ પ્રથમ પક્ષકારે તેવુ કંઈ જ કરેલ નથી. નામદાર સુપ્રિમકોર્ટે સીવીલ અપીલ નંબર ૨૫૪૬/૨૦૧૮ માં આપેલ જજમેન્ટનો ગેરફાયદો ઉઠાવવા ખાતર પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે. પ્રથમ પક્ષકારે કલમ ૨ (પી) હેઠળ એસ.ટી.નિગમ અને માન.યુનિયન વચ્ચે સેટલમેન્ટ થયેલ છે. સદર સેટલમેન્ટમાં શુ જોગવાઈઓ આપેલ છે તેની જાણ કામદારોને કરેલ નથી કે તેવી સેટલમેન્ટની નકલ પણ આપેલ નથી. કામદારો નોકરીમાં દાખલ થયા તારીખથી તેમને ટાઈમસ્કેલમાં લેવામાં આવેલ તે સમયગાળા દરમ્યાન ડ્રાયવર, કન્ડકટર અને હેલ્પર વગેરેની ખાલી જગ્યાઓ વર્ષવાઈઝ કેટલી હતી અને મંજુર થયેલ જગ્યાઓ કેટલી હતી તે પ્રથમ દ્રષ્ટીએ પુરવાર કરવાની કાયદેસરની જવાબદારી પ્રથમ પક્ષકારની છે તે હકીકત પુરવાર થાય ત્યારબાદ કામદારનો કેસ વિલંબથી દાખલ કરેલો છે કે કેમ? તે નકકી થઈ શકે અને કોઝ ઓફ એકશન ત્યારે ઉભુ થયેલ ગણાય. બદલી કામદાર એટલે કાયમી કામદાર રજા ઉપર હોય તેટલા સમય સુધી કાયમી કામદારની જગ્યાએ કામદારને ફરજ સોપવામાં આવે તેવા કામદારને બદલી કામદાર કહી શકાય. કયો કાયમી કામદાર કેટલા સમય સુધી રજામાં ગયેલ હતો અને તેની ખાલી જગ્યા સામે કયા બદલી કામદારને કેટલા સમય સુધી ફરજ સોપવામાં આવી તે પુરવાર કરવાની કાયદેસરની જવાબદારી પ્રથમ પક્ષકારની છે. પ્રથમ પક્ષકારે બદલી કામદારના નેજા હેઠળ કોઈ દસ્તાવેજો, આધારો નામદાર ન્યાયપંચ સમક્ષ રજુ ના કરી ન્યાય નિર્ણય માટેની મહત્વની હકીકતો છુપાવી ન્યાયપંચ સમક્ષ વીથ કલીન હેન્ડઝથી આવેલ નથી. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારે માગેલ દસ્તાવેજો રજુ કરેલ નથી તેમજ માહિતી અધિકારના કાયદા હેઠળ પણ પ્રથમ પક્ષકારે દસ્તાવેજો આપેલ નથી તેની અપીલ પેન્ડીગ છે. નામદાર સુપ્રિમકોર્ટના જજમેન્ટ સામે રીવ્યુ અરજી દાખલ કરેલ છે તેથી તેનો નિકાલ ન આવે ત્યાં સુધી પ્રાથમિક મુદ્દાનો નિકાલ ન કરવા અરજ કરેલ છે. નામદાર ઔદ્યોગિક ન્યાયપંચ–૨ રાજકોટના આર.એ.ખોખર સાહેબના એવોર્ડમાં કામદારની તરફેણમાં હુકમ થયેલ છે જેની સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નં.૧૦૪૫૫/૨૦૧૨ દાખલ થયેલ જેમાં તા.૧૨–૧૨–૨૦૧૨ ના રોજ ઓરલ ઓર્ડરથી

એસ.ટી.નિગમની પીટીશન ડીસમીસ કરવામાં આવેલી. નામદાર સર્વોચ્ચ અદાલતે કલેકટર લેન્ડ એકવીઝીશન અનંતનાગ એન્ડ અનઘર્સ વિરૂઘ્ધ મીસ્ટર કાતીજી એન્ડ અધર્સવાળા કેસમાં વિલંબ માફ કરેલો તે ચુકાદાના આધારે પણ હાલનો કેસનો વિલંબ માફ કરવો જોઈએ. પ્રથમ પક્ષકાર સંસ્થા અને માન્ય યુનિયન વચ્ચે સેટલમેન્ટ થયેલ છે તે સેટલમેન્ટનુ પાલન કરવાની ફરજ અને જવાબદારી બંને પક્ષકારની છે. સીવીલ અપીલ નંબર ૨૫૪૬/૨૦૧૮ વાળુ તા.૭–૩–૨૦૧૮ ના રોજ જે સુપ્રિમકોર્ટનુ જજમેન્ટ આવેલુ તે પહેલા એસ.ટી.નિગમે અનેક કર્મચારીઓને સેટલમેન્ટની જોગવાઈ મુજબ નોકરીમાં દાખલ થયા તારીખથી ૧૮૦ દિવસ પછી કામદારોને ટાઈમ સ્કેલ ઉપર સમયસર લઈ લીધેલા છે અને તેવા કામદારો હાલમાં પણ ફરજ બજાવી રહેલ છે. પ્રથમ પક્ષકારે સેટલમેન્ટની જોગવાઈઓનુ પાલન કરવામાં એકને ગોળ અને એકને ખોળવાળુ વલણ અપનાવેલ છે. પ્રથમ પક્ષકારે કામદારોને ટાઈમ સ્કેલમાં લેવા અંગે વિભાગીય મહેકમી હુકમ બહાર પાડી કામદારોને કયારે લેખિતમાં જાણ કરી કાર્યાલય આદેશની યોગ્યરીતે બજવણી કરેલ છે તે પુરવાર કર્યા બાદજ કોઝ ઓફ એકશન કયારે ઉભુ થયુ છે તે નકકી થઈ શકશે. આમ પ્રથમ પક્ષકારની કસુરના કારણે સેટલમેન્ટની જોગવાઈનો લાભ મોટાભાગના કામદારોને સમયસર આપેલો છે બાકી રહી ગયેલા કામદારોને અન્યાય થાય તેમ છે. પ્રાથમિક મુદ્દાની અરજીમાં જણાવેલ હકીકતો જે તે કેસ પુરતી લાગુ પડે છે. હાલના કેસના કામદારોને લાગુ પડી શકે નહીં. અરજદારના કેસની હકીકતો, રજુઆતો, દસ્તાવેજો આધારો અલગ પ્રકારના હોઈ તે કેસ સાથે ટાકેલ ચુકાદાનો કેસ સરખાવી શકાય નહીં. હાલના કેસના કામદારોએ કેસ દાખલ કરવામાં કોઈ વિલંબ કરેલ નથી અને વિલંબ થયેલ છે તેમ જણાય તો તેવો વિલંબ માફ કરી કામદારનો રેફરન્સ ગુણદોષ ઉપર ચલાવવા અરજ કરેલ છે. આ તમામ સંજોગો ઘ્યાનમાંરાખી પ્રથમ પક્ષકારનો પ્રાથમિક મુદ્દાનો નિર્ણય કેસના આખરી નિકાલ સમયે આપવા અરજ કરેલ છે.

(૬) આ કામમાં બીજા પક્ષકાર તરફે આંક–૬ ના લીસ્ટથી કુલ–૮૨ દસ્તાવેજો, આંક–૯ ના લીસ્ટથી ૧ દસ્તાવેજ તથા આંક–૧૧ ના લીસ્ટથી ૨ દસ્તાવેજ રજુ કરેલ છે.જયારે પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૩ ના લીસ્ટથી કુલ–૨ દસ્તાવેજો જેમાં લેબર સેટલમેન્ટની ખરીનકલ તથા કામદારની સર્વીસબુકની ખરીનકલ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ કામ બીજા પક્ષકારના મૌખિક પુરાવા માટે રાખવામાં આવેલ તે દરમ્યાન પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૬ થી પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરતી અરજી આપવામાં આવેલ. આંક–૨૬ નો પ્રાથમિક મુદ્દો બંને પક્ષકારોની સંમતિથી પ્રથમ નિર્ણિત કરવાનુ નકકી કરવામાં આવેલ અને તેના અનુસંધાને બીજા પક્ષકારે આંક–૨૮ થી પ્રાથમિક મુદ્દાની અરજીનો લેખિત જવાબ આપેલ હતો અને ત્યારબાદ બંને પક્ષકારોએ આંક–૨૬ ના પ્રાથમિક મુદ્દા પરત્વે દલીલો કરવા

માટે કામ રાખવામાં આવેલુ અને તે મુજબ બંને પક્ષકારોએ આંક–૨૬ ના પ્રાથમિક મુદ્દા પરત્વે વિગતવાર દલીલો કરેલ છે.

(૭) પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૮ ના લીસ્ટથી પ્રાથમિક મુદ્દાની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

(૧) (૨૦૧૫) સુપ્રિમકોર્ટ કેસીસ પેજ–૧
(૨) એલ.પી.એ.નં.૧૧૮૫ ૨૦૧૪ ઈન સ્પે.સી.એ.નં.૧૦૯૦૮/૨૦૧૪ વીથ એલ.પી.એ.ઓર્ડર તા.૪–૭–૨૦૧૭
(૩) એલ.પી.એ.નં.૩૨૨/૨૦૧૬ ઈન સ્પે.સી.એ.નં.૧૨૮૧૭/૨૦૧૪ વીથ એલ.પી.એ.નામદાર ગુજરાત હાઈકોર્ટ તા.૪–૭–૨૦૧૭
(૪) એલ.પી.એ.નં.૧૧૮૫/૨૦૧૪, તા.૧૧–૧૧–૨૦૧૪
(૫) એલ.પી.એ.નં.૧૦૨૧/૨૦૧૪, તા.૨૩–૯–૨૦૧૪
(૬) સ્પે.સી.એ.નં.૯૦૯૧/૨૦૧૫, તા.૨૬–૧૧–૨૦૧૫
(૭) સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નંબર ૧૧૭૧૭/૨૦૧૪, તા.૧૮–૯–૨૦૧૪
(૮) સ્પે.સી.એ.નંબર ૧૦૯૭૭/૨૦૧૪, તા.૨૫–૮–૨૦૧૪
(૯) સ્પે.સી.એ.નંબર ૧૩૧૨/૨૦૧૭ તા.૪–૮–૨૦૧૭

(૮) પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૬ ના પ્રાથમિક મુદ્દા પરત્વે દલીલ કરતા તેમના વિદવાન વકીલશ્રી વી.ડી.મહેતાએ બચાવના સમર્થનમાં દલીલ કરેલ છે તેની ટુંકમાં વિગત એવી છે કે, બીજા પક્ષકાર સંબંધિત કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થામાં બદલી કામદાર તરીકે ફરજ બજાવતા હતા તે બાબત નિર્વિવાદ છે. બદલી કામદારોના માન્ય યુનિયન સાથે થયેલ સમાધાનની શરતો મુજબ ૧૮૦ દિવસ પુરા થયે ટાઈમ સ્કેલ મેળવવા હકકદાર થતા નથી. તેઓને રોજમદાર તરીકે કામે લીધા ત્યારબાદ ૧૮૦ દિવસ પુરા થયે સમયસર ટાઈમ સ્કેલ આપવામાં આવેલ છે. તેઓને વિલંબથી ટાઈમ સ્કેલ આપેલ નથી. કાયમી ખાલી જગ્યા ખાલી પડયેથી સમાધાનની શરત મુજબ ક્રમ અનુસાર ટાઈમ સ્કેલ આપવામાં આવેલ છે. સમાધાનની શરત મુજબ સંબંધિત કામદારને આંક–૧૨ ના લેખિત જવાબના પેરા–૧૬ મા જણાવ્યા મુજબ તા.૧–૭–૨૦૦૯ ના રોજ રોજમદાર તરીકે લેવામાં આવેલ અને કોર્પોરેશનના નિયમ અનુસાર તેઓને ક્રમશઃ ટાઈમ સ્કેલ પર મુકવામાં આવેલ છે. તેઓને કોઈ જ પ્રકારનો અન્યાય કરેલ નથી. બીજા પક્ષકાર સંબંધિત કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૯–૨–૨૦૦૧ ના રોજ બદલી કન્ડકટર તરીકે દાખલ થયા હતા ત્યારબાદ ૧૮૦ દિવસ પુરા થયે તેઓએ ટાઈમ સ્કેલ મેળવવા રેફરન્સ કરવાના બદલે તા.૨૯–૩–૨૦૧૨ ના રોજ વિલંબથી હાલનો રેફરન્સ કરેલ છે તેથી પ્રથમ પક્ષકારે નામદાર સુપ્રિમકોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ઘ્યાનમાં રાખી આંક–૨૬ થી પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરવાની ફરજ પડેલ બીજા પક્ષકારના

રેફરન્સને સમય મર્યાદાનો બાધ નડતો હોઈ બીજા પક્ષકાર સંબંધિત કામદાર માગ્યા મુજબ તફાવતની રકમ મેળવવા હકકદાર થતા નથી. તેઓને સમયસર ટાઈમ સ્કેલ આપવામાં આવેલ છે તેથી તેઓ તફાવત કે વ્યાજની રકમ મેળવવા હકકદાર થતા નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે સીવીલ અપીલ નંબર ૨૫૪૬/૨૦૧૮ માં તા.૭–૩–૨૦૧૮ ના રોજ આપેલ ચુકાદા મુજબ પણ બદલી કામદારો દાખલ તારીખથી ૧૮૦ દિવસ પુરા થયે ટાઈમ સ્કેલ મેળવવા હકકદાર થતા નથી. બીજા પક્ષકાર દવારા ટાકવામાં આવેલ ચુકાદા તેઓને લાભકર્તા નથી. હાલના કેસની હકીકતો જોતા ટાકવામાં આવેલ ચુકાદા લાગુ પડતા નથી. નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદા મુજબ સંબંધિત કામદારો તેમની દાખલ તારીખથી ટાઈમ સ્કેલ મેળવવા હકકદાર થતા નથી. બીજા પક્ષકારના પ્રતિનિધીએ નીચે મુજબના ચુકાદા ટાકેલ છે.

(૧) (૨૦૧૫) સુપ્રિમકોર્ટ કેસીસ પેજ–૧
(૨) એલ.પી.એ.નં.૧૧૮૫ ૨૦૧૪ ઈન સ્પે.સી.એ.નં.૧૦૯૦૮/૨૦૧૪ વીથ એલ.પી.એ.ઓર્ડર તા.૪–૭–૨૦૧૭
(૩) એલ.પી.એ.નં.૩૨૨/૨૦૧૬ ઈન સ્પે.સી.એ.નં.૧૨૮૧૭/૨૦૧૪ વીથ એલ.પી.એ.નામદાર ગુજરાત હાઈકોર્ટ તા.૪–૭–૨૦૧૭
(૪) એલ.પી.એ.નં.૧૧૮૫/૨૦૧૪, તા.૧૧–૧૧–૨૦૧૪
(૫) એલ.પી.એ.નં.૧૦૨૧/૨૦૧૪, તા.૨૩–૯–૨૦૧૪
(૬) સ્પે.સી.એ.નં.૯૦૯૧/૨૦૧૫, તા.૨૬–૧૧–૨૦૧૫
(૭) સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નંબર ૧૧૭૧૭/૨૦૧૪, તા.૧૮–૯–૨૦૧૪
(૮) સ્પે.સી.એ.નંબર ૧૦૯૭૭/૨૦૧૪, તા.૨૫–૮–૨૦૧૪
(૯) સ્પે.સી.એ.નંબર ૧૩૧૨/૨૦૧૭ તા.૪–૮–૨૦૧૭

(૯) બીજા પક્ષકાર તરફે દલીલ માટે તેમના પ્રતિનીધીશ્રી એસ.ડી.રાઠોડ તરફે વિગતવાર દલીલો કરવામાં આવેલ છે. તેની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના સંબંધિત કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થામાં માગણાના નિવેદનમાં જણાવેલ દાખલ તારીખ ૧૯–૨–૨૦૦૧ ના રોજથી બદલી કામદાર તરીકે દાખલ થયેલ હતા. ત્યારબાદ તેઓને રોજમદાર બનાવવામાં આવેલા અને ત્યારબાદ ટાઈમ સ્કેલના લાભ વિલંબથી આપવામાં આવેલ છે. સંબંધિત કામદાર બદલી કામદાર તરીકે દાખલ થયેલા ત્યારબાદ તેઓને તારીખ ૧–૭–૨૦૦૯થી રોજમદાર બનાવેલ અને પ્રથમ પક્ષકારે ટાઈમ સ્કેલનો લાભ બદલી કામદાર તરીકે લીધા તારીખ ૧૯–૨–૨૦૦૧ થી આપેલ નથી અને રોજમદાર તરીકે લીધા તે તારીખ ગણી ખોટી રીતે ટાઈમ સ્કેલનો લાભ વિલંબથી આપેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા સાથે થયેલ સમાધાન મુજબ તેઓ દાખલ તારીખથી ૧૮૦ દિવસ પુરા થયે ટાઈમ સ્કેલ

મેળવવા હકકદાર હતા તેમ છતાં તેઓને વિલંબથી ટાઈમ સ્કેલ ચુકવેલ છે. વિલંબથી ટાઈમ સ્કેલ ચુકવવાના કોઈ કારણો આપેલ નથી તેથી તેઓને ૧૮૦ દિવસ પુરા થયે ટાઈમ સ્કેલનો લાભ તથા વિલંબથી ચુકવેલ ટાઈમ સ્કેલના તફાવતની રકમ ઉપર ૧૮ % લેખે વ્યાજ પ્રથમ પક્ષકારને ચુકવવાનો હુકમ કરવો જોઈએ. સંબંધિત કામદારને દાખલ તારીખથી ૧૮૦ દિવસ પુરા થયે કાયમી ન કરતા સંબંધિત કામદારને પગાર તથા મોંઘવારીમા મોટુ નુકશાન થાય છે. પ્રથમ પક્ષકાર સંસ્થા અને માન્ય યુનિયન સાથે થયેલ કરારનુ પાલન કરવાનુ બંને પક્ષકારની જવાબદારી છે. પ્રથમ પક્ષકારે માન્ય યુનિયન સાથે થયેલ સમાધાનનો ભંગ કરેલ છે. સંબંધિત કામદારને ૧૮૦ દિવસ પુરા થયે ટાઈમ સ્કેલનો લાભ ન આપતા દર માસે પ્રથમ પક્ષકાર સંસ્થા કામદારોને આર્થિક નુકશાન પહોંચાડેલ છે અને દર માસે પ્રથમ પક્ષકાર સંસ્થા માન્ય યુનિયન સાથે થયેલ કરારનો ભંગ કરેલ છે તેથી સંબંધિત કામદારને વિલંબથી આપેલ ટાઈમ સ્કેલ માટે માગણી કરેલ છે. હાલના રેફરન્સને વિલંબનો બાધ નડતો નથી. વળી પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેના લેખિત જવાબમાં રેફરન્સ વિલંબથી કરેલ છે તેવી કોઈ તકરાર લીધેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે સીવીલ અપીલ નં.૨૫૪૬/૨૦૧૮ માં આપેલ ચુકાદો હાલના કેસમાં લાગુ પડતો નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે આપેલ જજમેન્ટ દરેક કેસને લાગુ પડશે તેવી કોઈ સ્પષ્ટતા કરેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે તા.૭–૩–૨૦૧૮ ના રોજ ચુકાદો આપેલ છે તેથી નામદાર સર્વોચ્ચ અદાલતે આપેલ જજમેન્ટ તા.૭–૩–૨૦૧૮ પછીના કેસોમાં લાગુ પડે. તા.૭–૩–૨૦૧૮ પહેલાના દાખલ થયેલ કેસોમાં નામદાર સર્વોચ્ચ અદાલતે આપેલ સદર ચુકાદો લાગુ પડે નહીં. ઔદ્યોગિક વિવાદ ધારા, ૧૯૪૭ ની સમય મર્યાદાની કોઈ જોગવાઈ કરેલ નથી તેમજ આઈ.ડી.એકટ ૧૯૪૭ હેઠળ દાખલ થયેલ કેસોમાં લીમીટેશન એકટની જોગવાઈઓ લાગુ પાડી શકાય નહીં. આઈ.ડી.એકટ, ૧૯૪૭ ની કલમ ૧૦(૧) હેઠળ હાલના રેફરન્સ ન્યાય નિર્ણય માટે સુપરત થયેલ છે. કલમ ૧૦ અન્વયે દાખલ થયેલ કેસોમાં સમય મર્યાદાનો બાધ નડતો નથી. સદર કલમમાં એટ એનીટાઈમ શબ્દનો ઉલ્લેખ કરેલ છે તેથી ગમે ત્યારે કેસ દાખલ કરી શકાય છે. સમય મર્યાદાનો કોઈ બાધ આવતો નથી. સમય મર્યાદાના કારણે રેફરન્સ રદ થઈ શકે નહીં. પ્રથમ પક્ષકાર સંસ્થાએ કન્સીલેશન પ્રોસીડીગ્સ દરમ્યાન સમય મર્યાદાનો કોઈ વાંધો ઉપસ્થિત કરેલ નથી તેમજ રેફરન્સ ન્યાય નિર્ણય માટે સુપરત કરવામાં આવેલ ત્યારે પણ તેને પડકારેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા અને માન્ય યુનિયન વચ્ચે કલમ ૨(પી) હેઠળ સેટલમેન્ટ થયેલ છે તે મુજબ કામદારોને નોકરીમાં દાખલ થયા તારીખથી ૧૮૦ દિવસ પુરા થયે ટાઈમ સ્કેલ આપવો જોઈએ. પ્રથમ પક્ષકારે સંબંધિત કામદારોને દાખલ થયા તારીખથી ટાઈમ સ્કેલ પર લેવામાં આવે તે સમયગાળા દરમ્યાન ડ્રાયવર, કન્ડકટર, હેલ્પર વિગેરેની ખાલી જગ્યાઓ વર્ષવાઈઝ કેટલી હતી, મંજુર થયેલી જગ્યાઓ કેટલી હતી તે પુરવાર કરવાની જવાબદારી

પ્રથમ પક્ષકારની છે. ખાલી પડેલ અને મંજુર થયેલી જગ્યા સામે જે તે સમયે કામદારોને શા માટે સેટલમેન્ટની જોગવાઈ અનુસાર ટાઈમ સ્કેલ પર લેવામાં આવેલ નથી તે પ્રથમ પક્ષકારે પુરવાર કરેલ નથી. આ બાબત પુરવાર ન થાય ત્યાં સુધી રેફરન્સ વિલંબથી દાખલ કરેલ છે કે કેમ? તે કહી શકાય નહી. બદલી કામદાર કાયમી કામદાર રજા પર હોય તેટલા સમય તેઓને ફરજ સોપવામાં આવે તો તેને બદલી કામદાર કહી શકાય. હાલના કેસમાં સંબંધિત કામદાર કયા કાયમી કામદારની કેટલા સમય રજા પર ગયેલ અને બદલીમાં કામ આપેલ છે તેમજ ખાલી જગ્યા સામે કયા બદલી કામદારને કેટલા સમય સુધી ફરજ સોપવામાં આવી તે પુરવાર કરવાની જવાબદારી પણ પ્રથમ પક્ષકારની છે. પ્રથમ પક્ષકાર નામદાર ન્યાયપંચ સમક્ષ રજુ ન કરી નામદાર ન્યાયપંચને અંધારામાં રાખેલ છે. પ્રથમ પક્ષકાર કલીન હેન્ડથી ન્યાય મેળવવા આવેલ નથી. બીજા પક્ષકાર કામદારે સમય મર્યાદામાં કેસ દાખલ કરેલ છે તેમ છતાં નામદાર સર્વોચ્ચ અદાલતે કલેકટર લેન્ડ એકવીઝીશન અનંતનાગ એન્ડ અધર્સ વિરૂધ્ધ મીસ્ટર કાતીજી અને અધર્સવાળા કેસમાં વિલંબ માફ કરેલ છે તે ચુકાદો ધ્યાનમાં રાખી હાલના કેસમાં વિલંબ માફ કરી રેફરન્સનો ગુણદોષ પર નિકાલ કરવા અરજ કરેલ છે. પ્રથમ પક્ષકારે ટાઈમ સ્કેલ પર લેવા અંગે વિભાગીય મહેકમી હુકમ બહાર પાડેલ તેની જાણ કે કાર્યાલય આદેશની બજવણી કરેલી છે તે પુરવાર કર્યા બાદ જ કોઝ ઓફ એકશન ઉભુ થાય. સંબંધિત કામદારો કરતા જુનિયર કામદારોને પ્રથમ પક્ષકારે ભુતકાળમાં સમાધાન કરી ટાઈમ સ્કેલનો લાભ આપેલ છે. જયારે સંબંધિત કામદારને ટાઈમ સ્કેલનો લાભ આપેલ નથી. આમ કામદારો–કામદારો વચ્ચે પણ અન્યાય કરેલ છે. બીજા પક્ષકાર કામદારોના વિદવાન પ્રતિનિધીશ્રી શાંતિલાલ રાઠોડ તેના બચાવના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા ટાકેલ છે.

:૧: શ્રીમતી સ્વપ્ના અધિકારી વિરૂધ્ધ ધી સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલ એન્ડ અધર્સન કેસમાં નામદાર કલકતા હાઈકોર્ટે તા.૨૦–૩–૨૦૧૪ ના રોજ ચુકાદો આપેલ છે તેમાં ઠરાવવામાં આવેલ છે કે જયારે ઔદ્યોગિક ઝઘડો અસ્તિત્વમાં હોય ત્યારે સરકારે રેફરન્સ કરતી વખતે ગુણદોષ જોવાની જરૂર રહેતી નથી. ગુણદોષ જોવાની હકુમત યોગ્ય હકુમત ધરાવતી કોર્ટની છે.

:૨: કુલદીપસિંઘ વિરૂધ્ધ જે.એમ.ઈન્સ્ટ્રુમેન્ટ ડીઝાઈન ડી. એન્ડ એફ.ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તા.૩–૧૨–૨૦૧૦ ના રોજ ચુકાદો આપેલ છે તે કેસમાં સેન્ટ્રલ ગવર્નમેન્ટે કલમ–૧૦ અન્વયે રેફરન્સ કરવાનો ઈન્કાર કરેલ હતો જે હુકમ ચેલેન્જ કરવામાં આવેલ. ઈન્કાર કરવા પાછળનુ કારણ ૨૨ વર્ષ પછી વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ અને તેમાં જણાવવામાં આવેલ કે, સેકશન ૧૦ માં એટ એની ટાઈમ તેવા શબ્દનો પ્રયોગ કરેલ છે તેથી તેને સમય મર્યાદાના કારણસર

દાદ આપવાની ઈન્કાર કરેલ છે. ઔદ્યોગિક વિવાદ અસ્તિત્વમાં હોય તો તેવા કેસમાં ડીલેના કારણે રેફરન્સ રદ થઈ શકે નહી.

:૩: રામરતનપ્રસાદ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા મધ્યપ્રદેશ હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૩–૧૨–૨૦૧૩

:૪: રધુવીરસિંઘ વિરૂધ્ધ જનરલ મેનેજર હરિયાણા રોડવેઝ હિસ્સાર સીવીલ અપીલ નં.૮૪૩૪/૨૦૧૪

:૫: રાજીવકુમાર વિરૂધ્ધ લાઈફ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા એન્ડ અધર્સ સીવીલ અપીલ નં.૯૧૪૦/૨૦૧૭, સ્પે.લીવ પીટીશન(સી) નં.૧૮૧ ૭૪/૨૦૧૭

:૬: રામલાલ વિરૂધ્ધ રેવા કોલફીલ્ડસ લી. એ.આઈ.આર.૧૯૬૨ સુપ્રિમકોર્ટ ૩૬૧

:૭: કલેકટર લેન્ડ એકવીઝીશન અનંતનાગ વિરૂધ્ધ કાતીજી ૧૯૮૭ એસસીસી પેઈજ ૧૦૭

:૮: એન.બાલાક્રિષ્નન વિરૂધ્ધ એમ.ક્રિષ્નમૂર્તિ (૧૯૯૮) ૭ એસસીસી પેઈજ ૧ ૨૩ (સુપ્રિમકોર્ટ)

:૯: પી.કે.રામચંદ્રન વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા (૧૯૯૭) ૭ એસસીસી પેઈજ ૫૫૬

:૧૦: સ્ટેટ ઓફ નાગાલેન્ડ વિરૂધ્ધ લીપોક એઓ, એઆઈઆર ૨૦૦૫ એસસી ૨૧૯૧

:૧૧: ઈમરન્તલાલ વિરૂધ્ધ કલેકટર (એલએ) (૨૦૧૪) ૧૪ એસસીસી પેઈજ ૧ ૩૩

:૧૨: સમીયાથાલ વિરૂધ્ધ તહસીલદાર (સી.એ.નં.૫૩૩૫ ઓફ ૨૦૧૩ તા.૫–૭–૨૦૧૩)

:૧૩: બસાવરાજ અને બીજાઓ વિરૂધ્ધ સ્પેશ્યલ લેન્ડ એકવીઝીશન ઓફીસર એઆઈઆર ૨૦૧૪ એસસી ૭૪૬.

વિગેરે ચુકાદા ટાકી હાલના રેફરન્સ કરવામાં થયેલ વિલંબ માફ કરી રેફરન્સ ખર્ચ સહીત મંજુર કરવા અરજ કરેલ છે.

(૧૦) પક્ષકારોના પક્ષનિવેદનો વંચાણે લેતાં હાલના રેફરન્સના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ :–

(૧) શું પ્રથમ પક્ષકાર પુરવાર કરે છે કે, પ્રથમ પક્ષકાર અને યુનિયન વચ્ચે થયેલ સેટલમેન્ટ મુજબ સંબંધિત કામદારે કરેલ હાલના રેફરન્સને આંક–૨૬ ની પ્રાથમિક મુદ્દાની અરજી અન્વયે સમય મર્યાદાનો બાધ નડે છે કે કેમ? તેમજ પ્રથમ પક્ષકારની આંક–૨૬ ની પ્રાથમિક મુદ્દાની અરજી ગ્રાહય રાખવાને પાત્ર થાય છે કે કેમ?

(૨) શો હુકમ ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓનો મારો જવાબ નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

જવાબ :–

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

(૧૨) પક્ષકારોના પક્ષ નિવેદનો વંચાણે લેતા સંબંધિત કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં બદલી કન્ડકટર તરીકે આંક–૩ માગણાના નિવેદનમાં જણાવ્યા મુજબ તા.૧૯–૨–૨૦૦૧ ના રોજ બદલી કામદાર કન્ડકટર તરીકે ફરજ બજાવતા હોવાનુ તથા તેઓને તારીખ ૪–૧–૨૦૧૦ મુજબ પ્રથમ પક્ષકાર અને યુનિયન વચ્ચે થયેલ સેટલમેન્ટ મુજબ ટાઈમસ્કેલનો લાભ આપેલ હોવાની બાબતે તકરાર નથી. બીજા પક્ષકારે માગણાના નિવેદન તેમના નામ સામે જણાવ્યા મુજબ કન્ડકટર કક્ષામાં બદલી કામદાર તરીકે ૧૯–૨–૨૦૦૧ ના રોજ દાખલ થયેલા તથા પ્રથમ પક્ષકાર સંસ્થા તથા યુનિયન વચ્ચે થયેલ સેટલમેન્ટની જોગવાઈ મુજબ તેઓ નોકરીમાં દાખલ થયા ત્યારથી ૧૮૦ દિવસ પુરા થયે ટાઈમ સ્કેલ મળવો જોઈએ. જયારે પ્રથમ પક્ષકારે તેઓને રોજમદાર તરીકે લીધા તારીખ ૧–૭–૨૦૦૯ થી ૧૮૦ દિવસ પુરા થયે ક્રમ અનુસાર ટાઈમ સ્કેલમાં લીધેલ છે. પ્રથમ પક્ષકારે આ સંબંધે એવી તકરાર લીધેલ છે કે, બીજા પક્ષકારના રેફરન્સને સમય મર્યાદાનો બાધ નડે છે. બીજા પક્ષકાર દવારા સેટલમેન્ટની જોગવાઈનુ ખોટુ અર્થઘટન કરેલ છે. તેઓની નોકરી સતત અને સળંગ નથી. સેટલમેન્ટની જોગવાઈ મુજબ તેઓને આંક–૧૦

ના સોગંદનામાની ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ તા.૧–૭–૨૦૦૯ ના રોજ રોજમદાર તરીકે રાખ્યાની તારીખથી ૧૮૦ દિવસ પુરા થયે ક્રમ અનુસાર ટાઈમ સ્કેલનો લાભ તા.૪–૧–૨૦૧૦ થી આપવામાં આવેલ છે.

બીજા પક્ષકારે નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નંબર ૧૧૭૧૭/૨૦૧૪ વીથ સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નંબર ૫૧૬૬/૨૦૧૪ વીથ સ્પે.સી.એ.નંબર ૨૨૬૨/૨૦૧૩ ના કામમાં તા. ૧૮–૯–૨૦૧૪ ના રોજ આપેલ હુકમમાં કરેલ વિગતવાર ચર્ચા મુજબ સેટલમેન્ટની કલમ–૨૦ ની નિયત થયેલ શરતોને પરિપૂર્ણ કરે તો તેવાં સંજોગોમાં જ તેઓ માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થાય અન્યથા નહીં. બીજા પક્ષકાર આંક–૧ ના રેફરન્સ ઓર્ડર તથા માગણાના નિવેદનમાં માગ્યા મુજબની દાદ મેળવવા આ કામમાં પડેલા દસ્તાવેજી પુરાવાને આધારે હકકદાર થતા નથી કારણ કે બીજા પક્ષકાર સંબંધિત કામદારને બદલી કામદાર તરીકે દાખલ થયા તારીખથી ૧૮૦ દિવસ પુરા થયે ટાઈમ સ્કેલ લેવા માગણી કરેલ છે. તેઓને આંક–૧૦ ના સોગંદનામાની ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ તા.૧–૭–૨૦૦૯ ના રોજ થી રોજમદાર કામદાર તરીકે રાખવામાં આવેલ અને પ્રથમ પક્ષકારે સંબંધિત તમામ કામદારને માગણાના નિવેદનમાં જણાવ્યા મુજબ તારીખ ૪–૧–૨૦૧૦ થી ટાઈમ સ્કેલનો લાભ ટાઈમ સ્કેલ આપેલ. આમ પ્રથમ પક્ષકારે માન્ય યુનિયન સાથે થયેલ સમાધાનની શરતો મુજબ રોજમદારમાં લીધા તારીખથી ક્રમ અનુસાર ૧૮૦ દિવસ પુરા થયે ટાઈમ સ્કેલ આપવામાં આવેલ છે. પ્રથમ પક્ષકારે સંબંધિત કામદારોને વિલંબથી ટાઈમ સ્કેલ આપેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે સ્પે.સી.એ.નં.૨૫૪૬/૨૦૧૮ સીવીલ અપીલ નંબર ૨૫૯૪–૨૫૯૮/૨૦૧૮, સીવીલ અપીલ નંબર ૨૫૫૬–૨૫૯૨/૨૦૧૮, સીવીલ અપીલ નંબર ૨૫૪૭–૨૫૫૫/૨૦૧૮ ભુપેન્દ્રકુમાર ચીમનલાલ કાછીયા પટેલ વિરૂધ્ધ ડીવીઝનલ કન્ટ્રોલર જી.એસ.આર.ટી.સી. નડીયાદ અને અન્યના કેસમાં આપેલ ચુકાદાના પેરા નંબર ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩ અને ૩૪ માં વિસ્તૃત ચર્ચા કરી બદલી કામદારોને માન્ય યુનિયન સાથે થયેલ સેટલમેન્ટની જોગવાઈઓ લાગુ પડતી નથી તેમ ઠરાવેલ છે તે ધ્યાનમાં લેતાં પણ હાલના કેસના સંબંધિત કામદારો બદલી કામદાર તરીકે દાખલ થયા તારીખથી ૧૮૦ દિવસ પુરા થયે ટાઈમ સ્કેલનો લાભ મેળવવા કોઈપણ રીતે હકકદાર થતા નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા અને માન્ય યુનિયન સાથે થયેલ સેટલમેન્ટની જોગવાઈ નામદાર સર્વોચ્ચ અદાલતના સદર ચુકાદા મુજબ બદલી કામદારોને લાગુ પડતી નથી તેથી સંબંધિત કામદારો બદલી કામદારો તરીકે દાખલ થયા ત્યારથી ૧૮૦ દિવસ પુરા થયેથી ટાઈમ સ્કેલનો લાભ મેળવવા હકકદાર થતા નથી.

(૧૩) આ કામમાં પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૬ થી પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે અને તેમાં તેઓએ સંબંધિત કામદારનો રેફરન્સ મુદ્દત બહારનો હોય પ્રાથમિક મુદ્દા ઉપર રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

સદર બાબતે જોઈએ તો આ કામના સંબંધિત કામદાર દવારા હાલનો રેફરન્સ તા.૨૯–૩–૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ છે અને તેઓએ બદલી કામદાર તરીકે દાખલ થયા તારીખથી ૧૮૦ દિવસ પુરા થયે ટાઈમ સ્કેલનો લાભ આપવા માગણી કરેલ છે.

એ હકીકત નિર્વિવાદ છે કે, આ કામના બીજા પક્ષકાર સંબંધિત કામદાર માગણાના નિવેદનમાં જણાવ્યા મુજબ બદલી ડ્રાયવર/કન્ડકટર તરીકે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૯–૨–૨૦૦૧ ના રોજ દાખલ થયેલા ત્યારબાદ પ્રથમ પક્ષકાર સાથે થયેલ સેટલમેન્ટની કલમ–૨૦ મુજબ ૧૮૦ દિવસ પૂર્ણ કર્યે ટાઈમ સ્કેલ લેવા માગણી કરવી જોઈએ તેના બદલે બીજા પક્ષકારે હાલનો રેફરન્સ તા.૨૯–૩–૨૦૧૨ ના રોજ કરેલ છે. બદલી કામદાર તરીકે દાખલ થયા તારીખથી ૧૮૦ દિવસ પૂર્ણ થયે ટાઈમ સ્કેલ પર લેવા માગણી કરવી જોઈતી હતી. આમ બીજા પક્ષકારે આશરે ૧૧ વર્ષ બાદ ટાઈમ સ્કેલ પર લેવા માગણી કરેલ છે. આશરે ૧૧ વર્ષ બાદ મોડી માગણી કરવા માટે બીજા પક્ષકારે તેના માગણાના નિવેદન, સોગંદનામામાં કોઈ હકીકત જણાવેલ નથી તદ્દઉપરાંત વિલંબ માફ કરવા માટે પણ અલગથી અરજી આપેલ નથી અને વિલંબના સમર્થનમાં કોઈ દસ્તાવેજો પણ રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકાર તરફે આ કામમાં બીજા પક્ષકારના રેફરન્સમાં સમય મર્યાદાનો બાધ નડે છે તેવી તકરાર લેવામાં આવી હોય ત્યારે બીજા પક્ષકારે હાલના રેફરન્સમાં સમય મર્યાદાનો બાધ નડતો નથી તેવુ પુરવાર કરવુ જરૂરી બને છે. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ વિવિધ ચુકાદામાં રેફરન્સ વિલંબથી કરવા માટે કોઈ વ્યાજબી કારણો આપવામાં આવેલ ન હોય ત્યારે તેવાં સંજોગોમાં તેવા રેફરન્સ અસ્તિત્વમાં નથી તેમ ગણવુ જોઈએ અને તેથી વિલંબના કારણસર રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમ ઠરાવેલ છે. હાલના કેસની હકીકત જોતા આટલા લાંબા સમયબાદ કામદારે ટાઈમ સ્કેલની માગણીનો વિવાદ ઉપસ્થિત કરવા માટે કોઈ કારણ જણાતુ નથી કારણ કે ખરેખર જો કોઈ વ્યકિતને કોઈપણ વ્યાજબી કારણ સિવાય સમાધાનના લાભો મળ્યા ન હોય તો તેવી વ્યકિતએ તાત્કાલિક સમાધાનના લાભ મેળવવા બનતા પ્રયત્નો કરવા જોઈએ અને તેવા લાભ આપવામાં સંસ્થા વિલંબ કરતી હોય કે આનાકાની કરતી હોય તો તેવાં સંજોગોમાં બીજા પક્ષકારે વિના વિલંબે કોર્ટ રાહે સમાધાન મુજબના લાભો મેળવવા પ્રયત્નો કરવા જોઈએ સંબંધિત કામદારોએ રેફરન્સની અનુસુચિમાં જણાવ્યા મુજબના લાભો મેળવવા કોઈ એપ્રોચ કરેલ નથી કે વાંધા વિરોધ નોંધાવેલ નથી

અને તેવુ દર્શાવતા કોઈ દસ્તાવેજો પણ રજુ કરેલ નથી. આમ સંબંધિત કામદારોએ ઘણા વર્ષો બાદ હાલનો વિવાદ ઉપસ્થિત કરવાનુ કોઈ વ્યાજબી કારણ આપેલ ન હોવાથી નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ બીજા પક્ષકારનો રેફરન્સની તકરાર અસ્તિત્વમાં નથી તેમ ગણાય અને તેથી બીજા પક્ષકારે વિલંબથી રેફરન્સ કરેલ હોય માગ્યા મુજબની દાદ મેળવવા બીજા પક્ષકાર હકકદાર થતા નથી. આમ જયારે બીજા પક્ષકારે હાલની તકરાર વર્ષો બાદ વિલંબથી ઉપસ્થિત કરેલ છે ત્યારે બીજા પક્ષકારનો રેફરન્સ વિલંબના મુદ્દા ઉપર રદ થવાને પાત્ર થતો હોઈ આ ન્યાયપંચે તકરારના વિષય વસ્તુ સંદર્ભમાં ગુણદોષ ઉપર જવાની જરૂરિયાત રહેતી નથી.

(૧૪) નામદાર વિવિધ હાઈકોર્ટો દવારા તથા નામદાર સર્વોચ્ચ અદાલત દવારા જયારે કોઈ વિવાદ અતિ વિલંબથી ઉપસ્થિત કરવામાં આવેલ હોઈ અને તેવો વિવાદ વિલંબથી ઉભો કરવા માટેના કોઈ ચોકકસ કારણો જણાવેલ ન હોય તો તેવા સંજોગોમાં તેવો વિવાદ ચાલી શકે નહીં તેવા નીચે મુજબના ચુકાદાઓ મુજબ સદર વિવાદ પણ આ ન્યાયપંચની દ્રષ્ટિએ ચાલવાપાત્ર નથી તેમ ન માનવાને કોઈ કારણ રહેતુ નથી.

૨૦૦૨, ૨– એલએલજે–૩૫૯, એસ.એન.નિલાંજનકર અને બીજાઓ વિ. ટેલીકોમ ડિસ્ટ્રીકટ મેનેજર, કર્ણાટકાના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટપણે જણાવેલ છે કે, ઔદ્યોગિક વિવાદ ધારામાં રેફરન્સ કરવાની સમય મર્યાદા આપવામાં આવેલ નથી તેનો અર્થ એવો થતો નથી કે રેફરન્સ એટલે વિવાદ ગમે ત્યારે કોઈપણ જાતના વાજબી કારણ સિવાય ઉપસ્થિત કરી શકાય.

૨૦૦૨, ૧–એલએલજે–૪૯૭, આસી.એકઝીકયુટિવ એન્જિનિયર, કર્ણાટક વિ. વિલીગાના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ૯ વર્ષ બાદ લેબર ઓફીસરને એપોચ કરેલ હોવાથી ડીલેના મુદ્દા ઉપર રેફરન્સ રદ કરતા હુકમો યોગ્ય ઠરાવેલ.

૨૦૦૩, (૩)–સીએલઆર–૫૫૬, નામ.આંધ્રપ્રદેશ હાઈકોર્ટે ૧૪ વર્ષ પછી છુટા કરવાના હુકમને તે કેસમાં પડકારવામાં આવેલ અને ઔદ્યોગિક ન્યાયપંચે તેના ૧૪ વર્ષના વિલંબના કારણસર રેફરન્સ રદ કરતો હુકમ કરેલ જેને નામ.આંધ્રપ્રદેશ હાઈકોર્ટે કાયદેસરનો, વાજબી અને ન્યાયી ઠરાવેલ.

૨૦૦૭, એલએલઆર–૪૩૫, નામ. દિલ્હી હાઈકોર્ટે ૧૦ વર્ષ પછી વિવાદ ઉપસ્થિત કરેલ તેથી તેવા વિવાદને એટલે કે છુટા કરવાના હુકમને ગ્રાહય રાખેલ નહી અને ઠરાવેલ કે જો આવો વિવાદ વિલંબથી કરવામાં આવે તેમ છતાં ગ્રાહય રાખવામાં

આવે તો તેવા કેસમાં બેદરકારીને કારણે ઉંઘતી વ્યકિતને પ્રિમિયમ મળ્યુ કહેવાય તેથી લેબર કોર્ટે આવા કેસમાં વિલંબ માફ કરવા જોઈએ નહીં.

૨૦૧૨, એલએલઆર–૧૧૦૮, નિર્મલસીંગ વિ.ધ લેબર કોર્ટ પતિયાલા અને બીજાના કામમાં નામ.પંજાબ એન્ડ હરીયાણા હાઈકોર્ટે સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ જાતના કારણ વગર ૧૧ વર્ષ પછી વિવાદ ઉપસ્થિત કરવામાં આવે તો તે ગ્રાહય રાખવાને પાત્ર થતો નથી તેમ ઠરાવેલ છે.

૨૦૧૩, એલએલઆર–૯૬૨, જગન્નાથન એન્ડ અધર્સ વિ.પી.ઓ.લેબર કોર્ટ, કોઈમ્બતુર એન્ડ અધર્સના કેસમાં તાજેતરમાં નામ.મદ્રાસ હાઈકોર્ટે ૨૯ વર્ષ બાદ ટાંકેલ કેસના કામદારે છુટા કર્યા બાદ વિવાદ ઉપસ્થિત કરેલ હતો તેથી તેવો વિવાદ ડીલે એન્ડ લેચિસના મુદ્દા ઉપર રદ કરેલ હતો.

(૨૦૧૫) ૧૫ સુપ્રિમકોર્ટ કેસીસ પેજ નંબર–૧ પ્રભાકર વિરૂઘ્ધ જોઈન્ટ ડાયરેકટર શહેરી કલ્ચર ડીપાર્ટમેન્ટ એન્ડ અધર્સના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટપણે જણાવેલ છે કે, કોઈ વિવાદ અતિ વિલંબથી ઉપસ્થિત કરવામાં આવેલ હોય અને તેવો વિવાદ વિલંબથી દાખલ કરવાના કોઈ ચોકકસ કારણો જણાવેલ ન હોય તો તેવા સંજોગોમાં વિવાદનુ અસ્તિત્વ રહેતુ ન હોઈ વિવાદ ચાલવાપાત્ર રહેતો નથી તેમ ઠરાવેલ છે.

નામદાર સુપ્રિમકોર્ટ દવારા ૨૦૧૩(૧૪) એસ.સી.સી.પાના નં.૫૪૩ આસિસ્ટન્ટ એન્જીનીયર રાજસ્થાન સ્ટેટ એગ્રીકલ્ચર માર્કેટીગ બોર્ડ સબ ડીવીઝન કોટા વિરૂઘ્ધ મોહનલાલ ના કામે એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળ થયેલ રેફરન્સને લીમીટેશન એકટ, ૧૯૬૩ ની જોગવાઈ લાગુ પડતી ન હોવા છતાં ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરવામાં થયેલ વિલંબ એક મહત્વની બાબત હોય રેફરન્સનો નિર્ણય કરતા સમયે વિલંબની તકરાર લેવાયેલ હોય કે ન લેવાયેલ હોય લેબર કોર્ટે આ બાબત ઘ્યાને લેવી જોઈએ. નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચ દવારા એલ.પી.એ.નં.૪૬૬/૨૦૧૬ અને ૧૮૨/૨૦૧૭ ના કામે પણ નામદાર સુપ્રિમકોર્ટનો ઉપરોકત ચુકાદો ઘ્યાને લઈ ૭ થી ૮ વર્ષના વિલંબ અંગે ખુલાસો ન હોય રેફરન્સ ટકવાપાત્ર નથી તેમ ઠરાવેલ છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટની સીગલ બેંચે સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નંબર ૧૦૯૦૮/૨૦૧૪ માં તા.૨૦–૮–૨૦૧૪ ના રોજ આપેલ ચુકાદો તથા તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચે એલ.પી.એ. નંબર ૧૧૮૫/૨૦૧૪ ઈન સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નંબર ૧૦૯૦૮/૨૦૧૪ ઘનશ્યાલ પ્રતાપસીહ પરમાર વિરૂઘ્ધ ડીવી.કન્ટ્રોલરના કેસમાં તા.૪–૭–૨૦૧૭

ના રોજ ચુકાદો આપેલ છે તેમાં ૧૪ વર્ષ પછી રેફરન્સ કરવામાં આવેલ જે વિલંબના કારણોસર રદ કરવામાં આવેલ.

એલ. પી. એ.નંબર ૩૨૨/૨૦૧૬ ઈન સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નંબર ૧૨૮૧૭/૨૦૧૪ વીથ અધર એલ.પી.એ.ઓર્ડર પરેશ હીરાલાલ માંડલીક વિરૂઘ્ધ ડીવીઝનલ કન્ટ્રોલરના કેસમાં તા.૪–૫–૨૦૧૬ ના રોજ હુકમ આપેલ છે તે જ રીતે એલ.પી.એ.નંબર ૧૧૮૫/૨૦૧૪ ઈન સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નંબર ૧૦૯૦૮ વીથ અધર એલ.પી.એ.ઓર્ડરમા આપેલ ચુકાદો તથા એલ. પી.એ.નં.૧૦૨૧/૨૦૧૪ ઈન સ્પે.સી.એ.નં.૧૦૧૫૩/૨૦૧૪ તા.૨૩–૯–૨૦૧૪ તથા સ્પે.સી.એ.નં.૯૦૯૧/૨૦૧૫,તા.૨૬–૧૧–૨૦૧૫ સ્પે.સી.એ.નં.૧૧૭૧૭/૨૦૧૪ તા.૧૮–૯–૨૦૧૪ તથા સ્પે.સી.એ.નં.૧૦૯૭૭/૨૦૧૪, તા.૨૫–૮–૨૦૧૪ ના કેસમાં સમય મર્યાદાના કારણસર રેફરન્સ ચાલવાપાત્ર નથી તેમ ઠરાવેલ હોઈ સદર ચુકાદાના આધારે પણ બીજા પક્ષકારે વિલંબથી રેફરન્સ કરેલ હોઈ રદ થવાને પાત્ર છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા સ્પે.સી.એ.નં.૧૩૧૨/૨૦૧૭ થી સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નંબર ૧૩૧૭/૨૦૧૭ ના કામે નામદાર સુપ્રિમકોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચના ઉપરોકત ચુકાદા ઘ્યાને લઈ વિલંબ અંગે ખુલાસો ન હોય રેફરન્સ કેસ ટકવાપાત્ર ન હોવાનું ઠરાવેલ છે.

તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સ્પે.સી.એ.નં.૨૫૪૬/૨૦૧૮ સીવીલ અપીલ નંબર ૨૫૯૪–૨૫૯૮/૨૦૧૮, સીવીલ અપીલ નંબર ૨૫૫૬–૨૫૯૨/૨૦૧૮, સીવીલ અપીલ નંબર ૨૫૪૭–૨૫૫૫/૨૦૧૮ ભુપેન્દ્રકુમાર ચીમનલાલ કાછીયા પટેલ વિરૂઘ્ધ ડીવીઝનલ કન્ટ્રોલર જી.એસ.આર.ટી.સી. નડીયાદ અને અન્યના કેસમાં આપેલ ચુકાદાના પેરા નંબર ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩ અને ૩૪ માં વિસ્તૃત ચર્ચા કરી બદલી કામદારોને માન્ય યુનિયન સાથે થયેલ સેટલમેન્ટની જોગવાઈઓ લાગુ પડતી નથી તેમ ઠરાવેલ છે તે ઘ્યાનમાં લેતાં પણ હાલના કેસના સંબંધિત કામદારો બદલી કામદાર તરીકે દાખલ થયા તારીખથી ૧૮૦ દિવસ પુરા થયે ટાઈમ સ્કેલનો લાભ મેળવવા કોઈપણ રીતે હકકદાર થતા નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચે સમયમર્યાદાના મુદ્દા ઉપર રેફરન્સ રદ કરવાનો કરેલ હુકમને પણ બહાલી આપેલ છે તેથી હાલના રેફરન્સને નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચે તથા નામદાર સર્વોચ્ચ અદાલતે આપેલ સદર ચુકાદાને ઘ્યાનમાં લેતાં પણ હાલનો રેફરન્સ સમય મર્યાદાના મુદ્દા ઉપર પણ રદ થવાને પાત્ર છે.

હાલના કેસમાં જોવામાં આવે તો, બીજા પક્ષકાર સંબંધિત કામદારને તેમની ભરતી બદલી કન્ડકટર તરીકે દાખલ થયા તારીખથી ફરજના ૧૮૦ દિવસ પુરા થયે સેટલમેન્ટની જોગવાઈનો લાભ મેળવવા તા.૨૯–૩–૨૦૧૨ માં રેફરન્સ લાવેલ છે આમ હાલના કામે રેફરન્સ લાવવામાં ૧૧ વર્ષનો વિલંબ થયેલ છે તે સંજોગોમાં ઉપરોકત તમામ ચુકાદાઓ ઘ્યાનમાં લેતાં બીજા પક્ષકારનો હાલનો વિવાદ ૧૧ વર્ષ બાદ કરાવેલ હોવાથી રેફરન્સ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારે વિવાદ કોઈપણ જાતના વ્યાજબી કારણ સિવાય ઉપસ્થિત કરેલ હોવાથી બીજા પક્ષકાર હાલના રેફરન્સમાં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા ન હોઈ મુદૃા નંબર–૧ નો જવાબ હકારમાં ઠરાવી પ્રથમ પક્ષકારની પ્રાથમિક મુદૃાની આંક–૨૬ ની અરજી અન્વયે મુદૃા નંબર–૨ અંગે છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**(૧) પ્રથમ પક્ષકારની આંક–૨૬ ની પ્રાથમિક મુદૃાની અરજી ગ્રાહય રાખવામાં આવે છે. પ્રથમ પક્ષકારની આંક–૨૬ ની પ્રાથમિક મુદૃાની અરજી અન્વયે બીજા પક્ષકારનો રેફરન્સને સમય મર્યાદાનો બાઘ નડતો હોય બીજા પક્ષકારનો રેફરન્સ સમય મર્યાદાના પ્રાથમિક મુદૃા ઉપર રદ કરવામાં આવે છે. તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે સ્પે.સી.એ.નં.૨૫૪૬/૨૦૧૮ સીવીલ અપીલ નંબર ૨૫૯૪–૨૫૯૮/૨૦૧૮, સીવીલ અપીલ નંબર ૨૫૫૬–૨૫૯૨/૨૦૧૮, સીવીલ અપીલ નંબર ૨૫૪૭–૨૫૫૫/૨૦૧૮ ભુપેન્દ્રકુમાર ચીમનલાલ કાછીયા પટેલ વિરૂઘ્ઘ ડીવીઝનલ કન્ટ્રોલર જી.એસ.આર.ટી.સી. નડીયાદ અને અન્યના કેસમાં આપેલ ચુકાદા મુજબ બીજા પક્ષકાર સંબંધિત કામદાર બદલી કામદાર તરીકે દાખલ થયા તારીખથી ટાઈમ સ્કેલની માગણી કરેલ હોય પ્રથમ પક્ષકારે માન્ય યુનિયન સાથે કરેલ સમાઘાન બદલી કામદારના કેસમાં લાગુ પડતુ ન હોઈ નામદાર સર્વોચ્ચ અદાલતના સદર ચુકાદાના આઘારે હાલનો રેફરન્સ રદ કરવામાં આવે છે.**

**(૨) કેસના સંજોગો જોતા ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.**

**સ્થળ : રાજકોટ**
**તારીખ : ૩૧–૫–૨૦૧૮**

**(કિરીટભાઈ કનૈયાલાલ પંડયા)**
**(કોડ: જીજે ૦૦૭૯૬)**
**ઔદ્યોગિક ન્યાયપંચ**
**રાજકોટ**